# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

## "જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા"

શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા:૦૬/૦૫/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2023/0079/CHH થી **ધોરણ- ૧ થી ૮માં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમા સળંગ અભ્યાસ કરી ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય** તેમજ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ (RTE Act, 2009) અને તે હેઠળ રચાયેલા બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકારનિયમો, ૨૦૧૨ અન્વયે ૬ થી ૧૪ વર્ષના નબળા વર્ગોના અને વંચિત જૂથના બાળકોને **સ્વનિર્ભર શાળાઓમાં વર્ગની સંખ્યાના ૨૫%ની મર્યાદામાં મફત શિક્ષણની જોગવાઈ હેઠળ સ્વનિર્ભર શાળાઓમાં જે તે સમયે ધોરણ-૧ માં પ્રવેશ મેળવીને ધોરણ-૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ તેવા બંને પ્રકારના વિદ્યાર્થીઓના વાલીની જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા વખતે આવક આરટીઈ એક્ટ, ૨૦૦૯ની કલમ ૧૨(૧)(સી) હેઠળ પ્રવેશ માટે નિયત થયેલ આવક મર્યાદા ઓછી હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી** તેજસ્વી વિધાર્થીઓને મેરીટના ધોરણે રાજ્યમાં કાર્યરત તમામ બોર્ડ સાથે સંલગ્ન સ્વનિર્ભર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે, તે માટે આવા ગુજરાત રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓને પસંદ કરી તેમને ધોરણ-૯ થી ૧૨ સુધી તેમના પસંદગી મુજબના સ્વનિર્ભર શાળાઓમાં અભ્યાસ માટે સ્કોલરશીપ આપવાની નવી **'જ્ઞાન સાધના સ્કૉલરશીપ યોજના'** અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના હેઠળ ૨૫,૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને પસંદ કરીને તેમને ધોરણ-૯ થી ૧૦ સુધીના અભ્યાસ દરમ્યાન વાર્ષિક રૂ! ૨૦,૦૦૦ અને ધોરણ-૧૧ થી ૧૨ સુધીના અભ્યાસ દરમ્યાન વાર્ષિક રૂ! ૨૫,૦૦૦ની સ્કોલરશીપ આપવામાં આવશે.આ પરીક્ષા રાજય પરીક્ષા બોર્ડ દ્વારા યોજવામાં આવનાર છે.

આ ઠરાવના અનુસંધાને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિયત લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે તા.૧૦/૦૫/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/૨૦૨૩-૨૪/૫૭૬૯-૫૮૭૭ થી "જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા"-૨૦૨૩-૨૪નું વિગતવાર જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. નીચેની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ નીચેની વિગતે http://sebexam.org પર ઓનલાઇન ફોર્મ ભરી શકશે.

**કસોટીમાં બેસવા માટેની પાત્રતા :**

a) **સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૮ નો સળંગ અભ્યાસ કરી ધોરણ-૮** માં અભ્યાસ કરતા હોય કે ઉત્તીર્ણ થયેલ હોય,

**અથવા**

b) આરટીઈ એકટ ૨૦૦૯ની કલમ ૧૨(૧)(સી)ની જોગવાઈ હેઠળ **સ્વનિર્ભર શાળાઓમાં ૨૫% ની મર્યાદામાં જે તે સમયે ધોરણ-૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૮માં અભ્યાસ કરતા હોય કે ઉત્તીર્ણ થયેલ હોય,**

c) **અને ઉપર (a) અને (b)ના** કિસ્સામાં જેઓના વાલીની **આવક આરટીઈ એક્ટ, ૨૦૦૯ની કલમ ૧૨(૧)(સી) હેઠળ પ્રવેશ માટે નિયત થયેલ આવક મર્યાદા હાલ શહેરી વિસ્તાર માટે રૂ! ૧,૫૦,૦૦૦ (એક લાખ પચાસ હજાર) અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ! ૧,૨૦,૦૦૦ (એક લાખ વીસ હજાર) કરતા વધુ ન હોય તેવા વિદ્યાર્થીઓ** પરીક્ષા આપી શકશે.

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
| --- | --- | --- |
| ૧ | વિદ્યાર્થીઓ માટે ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૧૧/૦૫/૨૦૨૩ (બપોરે 03:00 કલાક) થી ૨૬/૦૫/૨૦૨૩ (રાત્રીના ૧૨:00 કલાક) |
| ૨ | પરીક્ષા ફી | નિઃશુલ્ક |
| ૩ | પરીક્ષાની તારીખ | ૧૧/૦૬/૨૦૨૩ |

આ પરીક્ષા સબંધિત અન્ય વિગતો જેવી કે પાત્રતા, પરીક્ષાનો અભ્યાસક્રમ, માળખું વગેરે http://sebexam.org વેબસાઇટ પર જોઈ શકાશે. તેમજ પરીક્ષા સંબંધિત વિગતોથી સતત માહિતગાર થવા માટે આ વેબસાઇટ જોતા રહેવાનું રહેશે.

**તારીખઃ-૧૧/૦૫/૨૦૨૩** **અધ્યક્ષ,રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર**